**રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(મ્યુનીસીપાલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

---

**ફોજદારી કેસ નં. ૪૦૫૮/૨૦૦૫**

**આંક–**

---

## FORM–A

| રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનીસીપાલ) (કે.આર.ગાગનાણી) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ. | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૮–૮–૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં.** | **૪૦૫૮/૨૦૦૫** |
| **ગુના રજી. નં.** | માલવિયા નગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૨૪/૨૦૦૪ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે** | વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એન.ગોસાઈ |
| **આરોપી** | ૧.ચંદુભાઇ જીવરાજભાઇ કુંભાર(એબેટ)<br>૨.મનીષ ઉર્ફે મુન્નો બટુકભાઇ પરમાર<br>રહે.રાજકોટ |

| | |
|---|---|
| **બચાવપક્ષે** | નં.૨ તરફે વિ.વકીલશ્રી કે.જી.કોટેચા |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬–૯–૨૦૦૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૭–૯–૨૦૦૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૧–૪–૨૦૦૫ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | ૯–૫–૨૦૨૫ |
| પુરાવાની શરુઆતની તારીખ | ૨૦–૫–૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૮–૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૮–૮–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | –––– |

–:આરોપીઓની વિગત:–

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | **મનીષ ઉર્ફે મુન્નો** | ૧૯–૯–૨૦૨૪ | ૧૯–૯–૨૦૨૪ | **ઇ.પી.કોડની કલમ–૪૨૦** | નિર્દોષ | –– | –– |

K.R.Gagnani
Judicial Magistrate F.C.(Municipal) Rajkot

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | બટુકભાઇ પરમાર | | | ૪૬૫,૪૬૭,૪ ૭૧, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ | | | |

## FORM-C

:-ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી-:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | આંક-૮૩ નરશીભાઇ લાલજીભાઇની જુબાની | સાહેદ |
| PW-2 | આંક-૮૭ જેન્તીભાઇ લાલજીભાઇની જુબાની | સાહેદ |
| PW-3 | આંક-૮૮ નીરજભાઇ રસીકભાઇની જુબાની | સાહેદ |
| PW-4 | આંક-૮૯ જસવંતીબેન રસીકલાલ ની જુબાની | સાહેદ |

(બી). બચાવ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | |

(સી).અદાલત દ્વારા.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

K.R.Gagnani
Judicial Magistrate F.C.(Municipal) Rajkot

:-ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી-:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૮૪ | લાલજીભાઇ જેરામભાઇનો મરણનો દાખલો |
| ૨ | ૮૫ | વેચાંણ દસ્તાવેજ |
| ૩ | ૮૬ | મુદામાલ પાવતીનં.૨૧૪/૨૦૦૪ નો અનુ.નં.૩ વાળો દસ્તાવેજ |
| ૪ | ૯૦ | દૈનીક વર્તમાનપત્રની જાહેર નોટીસ |
| ૫ | ૯૧ | જાહેર નોટીસનો જવાબ |
| ૬ | ૯૨ | અસલ ફરીયાદ |
| ૭ | ૯૩ | ૧૯૯૧ ની સાલનો દસ્તાવેજ |
| ૮ | ૯૪ | સર્વેનં.૨૭ નો લે આઉટ પ્લાન |

(બી). બચાવ પક્ષ દ્રારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી). અદાલત દ્રારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

## -: ચુ કા દો :-

**ફરીયાદની ટુંકમાં હકીકત:-**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત છે કે,આ કામના તહોમતદારોએ તા. ૧૬/૦૯/૨૦૦૪ ના ક. ૧૭/૦૦ વાગ્યાના સુમારે એકબીજાને મળિ જઈ મદદગારી કરીને આ કામના ફરીયાદી રસીકલાલ ઉર્ફે નાથાલાલ જમનાદાસ સોલંકી, રહે. ગોંડલ વાળાની પત્ની જસવંતીબેનના નામનો

સુવાંગ અને સ્વતંત્ર કબ્જા ભોગવટાનો પ્લોટ રાજકોટ તાબેના નાના મવા સર્વે નં. ૨૭ ની જમીન પ્લોટ નં. ૧૩ પૈકીની જમીન પ્લોટ ૩૦૦ ચો.વાર ૨૫૦–૮૩ ચો.મી. નો પ્લોટ જેની અંદાજીત કિં.મત રૂા. ૧૨,૦૦,૦૦૦/– બાર લાખ રૂપીયાની કિંમતના પ્લોટના કાગળો આરોપી ચંદુ જીવરાજભાઈએ પ્લોટના મુળ માલીક લાલજી જેરામ તંતીના નામનો નાના મવા રે.સ.નં. ૨૭ પૈકીની જમીન ખેડવાણ જમીન ૧૮.૩૬ એ.ગુ. જમીનનો વેચાણ દસ્તાવેજ અનું.નં. ૧૫૭૧ તા. ૨/૭/૧૯૫૯ ના દસ્તાવેજની ઝેરોક્ષ કોપી મેળવી આરોપી ચંદુ જીવરાજ જે કોલમ નં. (૨) માં જણાવેલ આરોપી પાસેથી જુના સ્ટેમ્પ પેપર રૂા. ૧૦/૦૦ નો ૧૯૭૮ ની સાલનો મેળવીને તે સ્ટેમ્પ પેપર પર બંને આરોપીઓએ કબજારહીત વેચાણ કરાર ટાઈપથી તૈયાર કરવામાં ચંદુ જીવરાજને કોલમ નં. (૨) માં જણાવેલ આરોપી સુભાષ જયસુખનાએ મદદ કરેલ જે વેચાણ કરારમાં ઉપરના પ્લોટનું વેચાણ લાલા જેરામ તેની આરોપી ચંદુ જીવરાજને કરે છે તેવું લખાણ કરી આરોપી ચંદુ જીવરાજ તથા મનીષે લાલા જેરામ તંતીના ખોટા અંગુઠાના નીશાન તથા સાક્ષીઓની સહીઓ કરી બોગસ વેચાણ કરાર તૈયાર કરેલ જે બનાવટી કિંમતી જમીનનો દસ્તાવેજ ઉભો કરીને પીટીશન રાઈટર પાસે રજુ કરીને જે દસતાવેજનો ખરા તરીકે ઉપયોગ કરીને અકીલા દૈનીકપત્રમાં તા. ૨૦/૦૮/ ૦૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવીને બોગસ દસ્તાવેજના આધારે કિંમતી જમીન સાહેદ દિનેશ જેરામ તંતીને વેચાણ આપવા તજવીજ કરી અને આ કામના ફરીયાદી પ્લોટ પર દિવાલ બનાવવા જતા ફરીયાદીને પ્લોટ પર કાંઈ કરશો તો હાથ પગ ભાંગી નાખવાની અને કરીયાદીના કુટુંબના સભ્યોનું અપહરણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૨૦, ૫૦૬(૨), ૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરતા તેઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ દાખલ કરી, તપાસ બાદ તપાસ કરનાર અમલદારે નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ છે.

**<u>ચાર્જશીટ દાખલ થયા બાદની કાર્યરિતી:–</u>**

(૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતાં, સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનુ કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા, અને આરોપીનં.૨ હાજર થતાં, તેઓની સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ, આરોપી સામેના ગુનાનુ સંજ્ઞાન લઈ આંક–૪૬ થી તહોમતનામુ ફરમાવી આંક–૪૭ થી આરોપીનુ નિવેદન નોંધતા, તેમણે તેઓની સામેનો આક્ષેપિત ગુન્હાનો ઈનકાર કરેલ હતો, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી સંહિતા ની કલમ–૨૭૩ મુજબ આરોપીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

**<u>ફરીયાદી તથા આરોપી પક્ષેનો પુરાવો:–</u>**

(૩) ફરીયાદ પક્ષ તરફે તેઓ કેસના સમર્થનમાં ઉપરોકત ફોર્મ સી મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે તેમજ આ કામે આરોપી પક્ષ દ્વારા કોઈ પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા નથી.

**<u>આરોપીનું વિશેષ નિવેદન:–</u>**

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી ઓ નું સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તમામ બાબતોનો ઈન્કાર કરી તેઓએ કોઈ ગુનો કરેલ નથી, પોતે નિર્દોષ છે, ખોટું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

**ફરીયાદી અને આરોપીની દલીલો:-**

(૫) ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, તમામ સાહેદો ની જુબાની ધ્યાને લેતા તથા રજૂ કરેલા દસ્તાવેજો ધ્યાને લેતા ફરીયાદ મુજબની હકીકત મુજબનો ગુનો સાબિત થાય છે. અને તહોમતનામા મુજબના આક્ષેપો નિ:શંક પણે સાબીત કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રીનાઓએ દલીલ કરેલ છે. જે સાંભળી. જેનું પુનરાવર્તન ના થાત તે માટે નીચે મુલ્યાંકનમાં જણાવેલ છે.

**મુદાઓ:-**

(૬) કેસની હકીકતો ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરાવાર કરે છે કે, તહોમતદારોએ તા. ૧૬/૦૯/૨૦૦૪ ના ક. ૧૭/૦૦ વાગ્યાના સુમારે એકબીજાને મળિ જઈ મદદગારી કરીને આ કામના ફરીયાદી રસીકલાલ ઉર્ફે નાથાલાલ જમનાદાસ સોલંકી, રહે. ગોંડલ વાળાની પત્ની જસવંતીબેનના નામનો સુવાંગ અને સ્વતંત્ર કબ્જા ભોગવટાનો પ્લોટ રાજકોટ તાબેના નાના મવા સર્વે નં. ૨૭ ની જમીન પ્લોટ નં. ૧૩ પૈકીની જમીન પ્લોટ ૩૦૦ ચો.વાર ૨૫૦-૮૩ ચો.મી. નો પ્લોટ જેની અંદાજીત કિં.મત રૂ. ૧૨,૦૦,૦૦૦/- બાર લાખ રૂપીયાની કિંમતના પ્લોટના કાગળો આરોપી ચંદુ જીવરાજભાઈએ પ્લોટના મુળ માલીક લાલજી જેરામ તંતીના નામનો નાના મવા રે.સ.નં. ૨૭ પૈકીની | નકાર માં |

| | | |
|---|---|---|
| | જમીન ખેડવાણ જમીન ૧૮.૩૬ એ.ગુ. જમીનનો વેચાણ દસ્તાવેજ અનું.નં. ૧૫૭૧ તા. ૨/૭/૧૯૫૯ ના દસ્તાવેજની ઝેરોક્ષ કોપી મેળવી આરોપી ચંદુ જીવરાજ જે કોલમ નં. (૨) માં જણાવેલ આરોપી પાસેથી જુના સ્ટેમ્પ પેપર રૂા. ૧૦/૦૦ નો ૧૯૭૮ ની સાલનો મેળવીને તે સ્ટેમ્પ પેપર પર બંને આરોપીઓએ કબજારહીત વેચાણ કરાર ટાઈપથી તૈયાર કરવામાં ચંદુ જીવરાજને કોલમ નં. (૨) માં જણાવેલ આરોપી સુભાષ જયસુખનાએ મદદ કરેલ જે વેચાણ કરારમાં ઉપરના પ્લોટનું વેચાણ લાલા જેરામ તેની આરોપી ચંદુ જીવરાજને કરે છે તેવું લખાણ કરી આરોપી ચંદુ જીવરાજ તથા મનીષે લાલા જેરામ તંતીના ખોટા અંગુઠાના નીશાન તથા સાક્ષીઓની સહીઓ કરી બોગસ વેચાણ કરાર તૈયાર કરેલ જે બનાવટી કિંમતી જમીનનો દસ્તાવેજ ઉભો કરીને પીટીશન રાઈટર પાસે રજુ કરીને જે દસતાવેજનો ખરા તરીકે ઉપયોગ કરીને અકીલા દૈનીકપત્રમાં તા. ૨૦/૦૮/ ૦૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવીને બોગસ દસ્તાવેજના આધારે કિંમતી જમીન સાહેદ દિનેશ જેરામ તંતીને વેચાણ આપવા તજવીજ કરી અને આ કામના ફરીયાદી પ્લોટ પર દિવાલ બનાવવા જતા ફરીયાદીને પ્લોટ પર કાંઈ કરશો તો હાથ પગ ભાંગી નાખવાની અને કરીયાદીના કુટુંબના સભ્યોનું અપહરણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહીતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૨૦, ૫૦૬(૨), ૧૧૪ મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે? | |
| ૨. | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

## <u>મુદા નં.૧ અને ૨ ના નિર્ણયના કારણો</u>

(૭) ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતો તથા દલીલોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા/પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે. આરોપીઓ વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૨૦, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપીઓ વિરુદ્ધનુ તહોમત વાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે. જે ગુના ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

<u>ભારતીય દંડ સંહીતાની કલમ– ૪૨૦ ના આવશ્યક તત્વો જોઈએ તો</u>

**ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૨૦ મુજબના ઠગાઈ કરવા અને મિલકત આપી દેવા માટે બદદાનતથી લલચાવવાના શિક્ષાપાત્ર ગુના ને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

**૧.આરોપીએ કોઈ વ્યકિતની ઠગાઈ કરી છે.**

**૨.તેણે તેના દ્વારા (અ) આરોપીની ન હોય તેવી કોઈ વ્યકિતની મિલકતનું હસ્તાંતરણ કરવા (બ) કોઈ કિંમતી જામીનગીરી બનાવવા, તેમાં ફેરફાર કે નાશ કરવા (ક) કોઈ કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તે માટે સહી કે સીકકો કરવા કોઈને પ્રેરેલ છે.**

**૩.આવું તેણે અપ્રમાણિકતાથી કરેલ છે.**

<u>ભારતીય દંડ સંહીતાની કલમ– ૪૬૫ ના આવશ્યક તત્વો જોઈએ તો</u>

**૧.અ. આરોપીએ સવાલવાળો દસ્તાવેજ બનાવ્યો, સહી કર્યો, સીકકો કર્યો કે અમલમાં મૂકયો છે.**

**બ. કે તે કોઈ અન્યએ બનાવ્યો છે.**

**૨. તે કલમ ૪૬૪ માં દર્શાવ્યા મુજબના કોઈ સંજોગોમાં બનાવ્યો છે.**

૩. તે આરોપીએ તે અપ્રમાણિકપણે કે કપટથી કે કલમ ૪૬૩ માં દર્શાવ્યા મુજબના ચોકકસ હેતુથી બનાવેલ છે.

ભારતીય દંડ સંહીતાની કલમ– ૪૬૭ ના આવશ્યક તત્વો જોઈએ તો

કલમ – ૪૬૭ કીંમતી જામીનગીરી, વીલ વગેરેની ખોટી બનાવટના ગુનાના આવશ્યક તત્વો.

૧.જે દસ્તાવેજ પ્રશ્નમાં છે તે બનાવટી છે.

૨.તે આરોપીએ બનાવટથી કરેલ છે.

૩.દસ્તાવેજ કલમમાં જણાવ્યા મુજબનો એક છે.

ભારતીય દંડ સંહીતાની કલમ– ૪૭૧ ના આવશ્યક તત્વો જોઈએ તો

૧.દસ્તાવેજ કૂટલેખન છે તે વાપરનાર વ્યકિત જાણતી હોય કે તેને તેમ માનવાને કારણ હોય.

૨.અને તેનો ઉપયોગ દગલબાજીથી કે અપ્રમાણિકપણે કરે.

ભારતીય દંડ સંહીતાની કલમ– ૫૦૬(૨)ના આવશ્યક તત્વો જોઈએ તો

ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુન્હાહીત ધમકીના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતોસાબીત કરવી જરૂરી છે.

૧.આરોપીએ ફરીયાદીને ધમકી આપેલી.

૨.તે ધમકી મૃત્યુ નિપજાવવાની હતી.

૩.આવી ધમકી તેણે કરવાના કાયદેસરના કાર્યને ન કરવા કે કાર્યલોપ માટે આપવામાં આવેલ હતી.

ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનાને

**સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

**૧.ગુનો બન્યો છે.**

**૨.તે ગુનામાં આરીપીએ મદદગારી કરી છે.**

**૩.ગુનો બન્યો ત્યારે મદદગારની હાજરી ગુનાના સ્થળે હતી.**

હાલના ચુકાદામાં ઉપરોકત આવશયક તત્વો ઘ્યાનમાં રાખી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ.

(૮) ભારતીય પુરાવા ધારાની કલમ–૩ તથા કલમ–૧૬૫ના પ્રબંધો ઘ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧થી કલમ–૧૧૫ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે. ફોજદારી ઈનસાફી કાર્યવાહીનો સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ–૩માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા ના–સાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરિયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઊભી થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળે અને આરોપીઓ જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના સિદ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીઓપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે, નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરિયાદપક્ષને મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદપક્ષનો કેસ સાબિત થાય નહિ અને

જેથી ફરિયાદપક્ષે તેમનો કેસ સાબિત કરવા અંગે સાબિતીનો ભાર હંમેશા ફરિયાદપક્ષ ઉપર જ રહે છે તે ક્યારેય આરોપીઓપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતાં આરોપીઓપક્ષે ઈન્ડિયન પીનલ કોડની કલમ–૭૬થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૦૩, ૧૦૧થી ૧૧૫ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે.

*નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા Jayantilal Kuberdas Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99) માં ઠરાવેલ છે કે,*

*The Court Must Bear In Mind The Set Up And The Circumstances In Which The Crime Is Committed, The Quality Of Evidence, Nature And Temperament Of The Witnesses, The Level Of Understanding And Power Of Perception And Examination Of Individual Witness And Probability In Ordinary Course Of Nature About The Act Complained Of As Might Have Been Witnessed By The Witnesses.*

૧. ફરીયાદપક્ષે રજુ પુરાવાની હકીકત જોતા હાલના કામે સૌપ્રથમ સાહેદ નરશીભાઇ લાલજીભાઇ આંક–૮૩ થી તેઓની જુબાનીમા જણાવે છે કે હું ઉપરોકત બતાવેલ સરનામે મારા પરિવાર સાથે રહું છું અને નિવૃત જીવન ગુજારૂ છું. અમો કુલ–૬ ભાઈઓ છીએ. જેમાં સૌથી મોટા ભાઈનું નામ વિરજીભાઈ છે ત્યાર બાદ ધીરૂભાઈ ત્યાર બાદ નરશીભાઈ ત્યાર બાદ રવજીભાઈ ત્યાર બાદ જયંતિભાઈ ત્યાર બાદ વલ્લભભાઈ છે. જેમાંના ધીરૂભાઈ તથા વલ્લભાઈ અવસાન પામેલા છે. મારી માતાનું નામ ડાઈ બહેન છે અને પિતાનું નામ લાલજીભાઈ છે. જેમાં મારા પિતા લાલજીભાઈ ૧૯૮૩

માં અવસાન પામેલા છે અને મારા માતૃશ્રી ૨૦૨૫ ની સાલમાં અવસાન પામેલા છે.મારા પિતાશ્રીનાં માલીકીની ખેતીની જમીન નાના મોવા ગામ ખાતે સર્વે નં.૨૭ થી આશરે ૭ એકર ૧૫ ગુંઠા જેટલી જમીન આવેલી હતી અને મારા બાપુજીએ આ જમીનને બીન ખેતી કરાવેલ હતી.મારા બાપુજીના અવસાન બાદ આ ખેતીની જમીન અમારા બધા ભાઈઓનાં નામે વારસાઈ થયેલી હતી. આ જમીનનાં છુટ્ટા છુટ્ટા પ્લોટો કરેલા હતા અને તે પ્લોટો પૈકી અમોએ એટલે કે મારા પિતાશ્રીનાં વારસદારોએ ગોં ડલનાં રહેવાસી જમનાદાસના દિકરા રસીકભાઈને વેંચાણ દસ્તાવેજથી તેના પત્નિ જસંવતીબેનને વેંચાણ આપેલ હતું. આ વેંચાણ દસ્તાવેજ અમોએ સબરજીસ્ટ્રાર ઓફિસમાં જઈને આ દસ્તાવેજ કરાવેલ હતો.અમોએ આ પ્લોટ જે વેંચાણ આપેલ તે જસંવતીબેનને આપેલ હતો તે સિવાય આ પ્લોટ અમોએ કે અમારા ભાઈઓએ બીજા કોઈને વેંચાણ આપેલ ન હતો. મને અદાલતની ફાઈલમાંથી મારા બાપુજી લાલજીભાઈ જેરામભાઈ તંતી તા. ૧૧/૧૧/૧૯૮૩ નાં રોજ અવસાન પામેલ હોય તેનો મરણના દાખલાની ખરી નકલ બતાવવામાં આવે છે તે તે જ આંક- ૮૪ આપવામાં આવે છે. છે અદાલતની ફાઈલમાંથી આંક-૮૫ વાળો દસ્તાવેજ જે ૧૯૮૭ ની સાલમાં અમારા ભાઈઓએ આ જમીન જસવંતીબેન રસીકલાલ સોલંકીને વેંચાણ દસ્તાવેજથી અમો કુલ-૬ ભાઈઓએ તથા મારી બા એ આ દસ્તાવેજ સબરજીસ્ટ્રાર કચેરીમાં જસવંતીબેનના નામ જોગ કરી આપેલ હતો જે આંક-૮૫ વાળા આ દસ્તાવેજની ખરી નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં ક્રમ નં. ૪ ઉપર મારી સહી છે અને તેમાં બીજા મારા ભાઈઓની પણ સહી છે અને તે દસ્તાવેજમાં મારા બા ના અંગુઠાનું નિશાન છે. જે હું ઓળખી બતાવું છું. મારા પિતાશ્રી લાલજીભાઈ જેરામભાઈ તંતી અંગુઠો કરતા હતા. મને મુદ્દામાલ પાવતી નં.૨૧૪/૨૦૦૪ નો અનુક્રમ નં.(૩) વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે કબ્જા રહીત વેંચાણ કરાર છે તે દસ્તાવેજ જોઈને જણાવું છું કે, જેમાં લખી આપનાર તરીકે જે અંગુઠો બતાવેલ છે તે મારા પિતાશ્રીનો છે કે કેમ તે હું કહી શકું નહીં જે દસ્તાવેજ રજુ દાખલ આંક-૮૬

આપવામાં આવે છે. આ ગુન્હાના ફરીયાદી રસીકલાલ નાથાલાલને હું ઓળખતો નથી તેમજ જસવંતીબેન રસીકલાલને પણ હું ઓળખતો નથી અને તેઓ હાલ કયાં રહે છે તેની મને ખબર નથી. આ સિવાય બીજી કોઈ હકિકતની મને ખબર નથી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલી.**આરોપી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ રાખે છે કે** તે વાત ખરી છે કે, પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ. એ વાત ખરી છે કે બનાવની મને કોઈ જાત માહિતી નથી.

૨. ત્યારબાદ હાલના કામે આંક–૮૭ થી સાહેદ જેન્તીભાઇ લાલજીભાઈની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે મારા બાપુજીનું નામ લાલજીભાઈ જેરામભાઈ હતું જે ૧૯૮૩ માં અવસાન પામેલ છે. અમો છ ભાઈઓ છીએ જેમાં હું તથા વિરજીભાઈ તથા ધીરજલાલ, નરશીભાઈ, રવજીભાઈ, વલ્લભભાઈ એમ અમૌ ભાઈઓ છીએ. મારા બાપુજીના નામે નાનામવા ગામે ખેતીની જમીન ધારણ કરતા હતા અને આ ખેતીની જમીન મારા બાપુજીની હયાતીમાં બીનખેતી કરાવેલ હતી અને મારા બાપુજીના ગુજરી ગયા બાદ ૧૯૮૭ ની સાલમાં અમો બધા ભાઈઓએ આ જમીન જસવંતીબેન નામની વ્યકિતને દસ્તાવેજ કરી આપેલ હતો જે દસ્તાવેજ ૧૯૮૭ ની સાલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હતો અમોએ આ જમીનનો દસ્તાવેજ અમારા ભાઈઓએ આ જસવંતીબેન સિવાય અન્ય કોઈને વેચાણ થી આપેલ ન હતો. મને અદાલતની ફાઈલમાંથી ૧૯૮૭ ના આ દસ્તાવેજની ખરી નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં ક્રમ નં. ૭ ઉપર મારી સહી છે અને તેમાં બીજા મારા ભાઈઓની પણ સહી છે અને તે દસ્તાવેજમાં મારા બા ના અંગુઠાનું નિશાન છે જે રજુ દા. આંક–૮૫ આપવામાં આવે છે. આ સિવાય બીજી કોઈ હકિકતની મને ખબર નથી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલી.**આરોપી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ રાખે છે કે** એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ. એ વાત ખરી છે કે બનાવની મને કોઈ જાત માહિતી નથી.

૩. ત્યારબાદ હાલના કામે આંક–૮૮ સાહેદ નીરજભાઇ રસીકભાઇની જુબાની વંચાણે લેતા તેઓ જણાવે છે કે હું ઉપરોકત બતાવેલ સરનામે મારા પરિવાર સાથે રહું છું અને ટુર એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરું છું. મારા પિતાશ્રી રસીકભાઈ નાથાલાલ સોલં કી એ ૧૯૮૭ ની સાલમાં લાલજી જેરામના વારસદારો પાસેથી નાના મવાના સર્વે નં. ૨૭ થી મંજુર થયેલ ચો.વા. ૩૦૦ વૈચાતો રાખેલ હતો જેનો વેં ચાણ દસ્તાવેજ રાજકોટ સબરજીસ્ટ્રારની કચેરીમાં રજીસ્ટર કરાવેલો હતો અને આ જમીનનો કબ્જો મારા પિતાજીએ સંભાળી લીધેલ હતો અને મારા પિતાજી આ જમીનનો દસ્તાવેજ મારા માતા જસવંતીબેનના નામે કરાવેલ હતો. જેની નોંધ આ પત્રકમાં મારી માતાના નામે થયેલ હતી અને આ પ્લોટમાં મારા પિતાએ ઉંચી દિવાલ પણ ચણાવી લીધેલ હતી અને આ પ્લોટ મારા માતૃશ્રી જસવંતીબેને પટેલ નામના વ્યક્તિને વેંચાણ હકકથી વેંચેલ હતો અને તેના કાયદેસરનો અવેજ મારા માતૃશ્રીએ સ્વીકારેલ હતો. મારા પિતાજી રસીકલાલ નાથાલાલ સોલંકી અવસાન પામેલ છે. તેમજ મારા માતૃશ્રીની ઉમર હાલ ૭૪ વર્ષની છે. કહેવાતો વેંચાણ વ્યવહાર સંબંધે ચંદુભાઈ જીવરાજ તથા મનીષભાઈ બટુકભાઈ આ જમીન બાબતે કોઈ તકરાર કરેલ હોય કે, કોઈ નથી. કહેવાતો પ્લોટ મારી માતૃશ્રીએ કાયદેસરનો અવેજ લઈ વેંચેલ છે. આથી બીજાના નામે કરેલ હોય તેની મને ખબર નથી કે તે બાબતે હુ કશુ જાણતી હાલના કેસ સંબંધે અમો આગળ વધવા માંગતા નથી કે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે તેમજ આરોપીઓને હું ઓળખતો નથી કે આ પ્લોટ બાબતે કોઈ જાહેર નોટીસ આવેલ હોય કે કેમ તેની મને ખબર નથી.આરોપી તરફે કોઇ **ઉલટતપાસ કરવામા આવેલ નથી.**

૪. ત્યારબાદ આંક–૮૯ સાહેદ જસવંતીબેન રસીકલાલની જુબાની વંચાણે લેતા તેઓ જણાવે છે કે હું ઉપરોકત બતાવેલ સરનામે રહું છું. મારા પતિનું નામ રસીકલાલ નાથાલાલ છે જે હાલ મારા પતિએ લાલજી જેરામના વારસદારો પાસેથી રૂા.૯૦,૦૦૦/– ના ૧૯૮૭ ની સાલનાં ૩૦૦ ચોરસવાર

પ્લોટ ખરીદેલ હતો અને તે જમીનનો કબ્જો સંભાળી લીધેલ હતો જેનો દસ્તાવેજ મારા નામે કરાવવામાં આવેલ હતો. મને આંક-૮૫ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે તે જ છે. જેમાં સાક્ષી તરીકે સહી પણ કરેલી હતી જે દસ્તાવેજ સબ રજીસ્ટ્રારની કચેરીમાં નોંધવામાં આવેલ હતો અને આ પ્લોટનો વહીવટ મારા પતિ કરતા હતા અને આ પ્લોટ ઉપર દરવાજો મુકી બારણાને તાળું મારી દીધેલ હતું ત્યાર બાદ અકિલા દૈનિક વર્તનમાન પત્રમાં આ બાબતેની કોઈ નોટીસ કરાવેલી. મને આ નોટીસ બતાવવામાંઆવે છે તે તે જ છે જે રજુ દાખલ આંક-૯૦ આપવામાં આવે છે. જેથી આ બાબતે મારા પતિએ અમારા વકિલશ્રી એચ.એસ.માણેક ધ્વારા આપવામાં खायेल हतो. भले सा નોટીસની નકલ બતાવવામાં આવે છે જે રજુ દાખલ 1/૪-૯૧ આપવામાં આવે છે. પરંતુ કોઈએ આ જમીન કોઈ વ્યક્તિના નામે કરેલ કે કેમ તે હાલ યાદ નથી તથા આ જમીન બાબતે જગ્યા પર અવીને કડીયા કામ બંધ કરાવેલ કે કેમ તે બાબતે કાંઈ હાલ યાદ નથી. આથી હાલના બનાવ બાબતે મારા પતિએ પોલીસમાં ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારા પતિની સહી છે જે હું ઓળખી બતાવું છું જે ફરીયાદને રજુ દાખલ આંક-૯૨ આપવામાં આવે છે. તેમજ મને ૧૯૯૧ ની સાલનો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે રજુ દાખલ આંક-૯૩ આપવામાં આવે છે તેમજ મને સર્વે નં. ૨૭ નો લેઆઉટ પ્લાન બતાવવામાં આવે છે જેને આંક-૯૪ આપવામાં આવે છે. આ જમીન કહેવાતા વ્યવહાર બાબતે હાલ આરોપીઓએ શું વ્યવહાર થયેલ હોય તે હું કહી શકું નહીં તેમજ મેં કહેવાતો પ્લોટ પટેલ નામના વ્યકિતને વેંચાણ અવેજ સ્વીકારી આજ પ્લોટનો વૈચાણ દસ્તાવેજ તેના નામ જોગ કરી આપેલ છે અને આ પ્લોટ બાબતે અમારે કોઈ તકરાર નથી કે આરોપીઓ સાથે મારે કોઈ તકરાર નથી. આ કેસ અમો અમારી રાજીખુશીથી આગળ ચલાવવા માંગતા નથી કે વધવા માંગતા નથી તેમજ આ કેસમાં વિશેષ કોઈ સાક્ષીઓ હું તપાસવા માંગતી નથી.સાહેદને ફરી ગયેલા જાહેર કરવાની એ.પી.પી.શ્રીએ પરવાનગી માંગતા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૫૭ મુજબ સાહેદને ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી આપવામાં આવે છે. ત્યારબાદ તેઓની ઉલટતપાસમા કોઇ

ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી **આરોપી તરફેની ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખે છે કે** કહેવાતા દસ્તાવેજમા કોણે સહી કરેલી અને શુ કરેલી મને હાલ યાદ નથી, તે વાત ખરી છે કે કહેવાતો તકરાર વાળો પ્લોટ મે વેંચી નાંખેલ છે અને હવે મારે કોઇ તકરાર નથી.

**<u>પુરાવાનુ મુલ્યાંકન</u>**

(૯) આમ ઉપરોકત તમામ પુરાવાઓનુ મુલ્યાંકન કરીએ તો હાલના કામે ફરીયાદી રસીકલાલ નાથાલાલનુ અવસાન થયેલ છે તેઓનો મરણનો દાખલો રેકર્ડ પર રજુ છે. વધુમા તપાસ કરનાર અમલદાર એમ.આર.ગોહીલ તેમજ સાહેદ હરેશભાઇ તુલસીભાઇનુ પણ અવસાન થયેલ છે તેઓનો મરણનો દાખલો રેકર્ડ પર રજુ થયેલ છે. વધુમા હાલના કામે પંચો તેમજ અન્ય સાહેદોને અવાર નવાર સમંસ વોરંટ કરતા તેઓ મળી આવતા નથી જેથી હાલના કામે તપાસી શકાયેલ નથી. વધુમા હાલના કામે જે સાહેદો તપાસેલ છે તેમા સાહેદ નરશીભાઇની આંક-૮૩ વાળી જુબાની તેમજ સાહેદ જેન્તીભાઇની આંક-૮૭ વાળી જુબાની માથી ફરીયાદ મુજબની હકીકતને સમર્થન મળતુ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. ત્યારબાદ આંક-૮૮ વાળા સાહેદ ફરીયાદીના પુત્ર છે તેમજ આંક-૮૯ વાળા સાહેદ ફરીયાદીના પત્ની છે તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી તેમજ ફરીયાદીનુ અવસાન થયેલ હોય અને ફરીયાદમા જણાવેલ પ્લોટ બાબતે તેઓને કોઇ તકરાર નથી તેમજ સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી. તેવી હકીકત જણાવેલ છે. વધુમા ફરીયાદીના પત્ની જસવંતીબેન આંક-૮૯ વાળી જુબાનીમા ઉલટતપાસમા જણાવેલ છે કે કહેવાતો તકરાર વાળો પ્લોટ તેઓએ વેંચી નાંખેલ છે અને હવે કોઇ તકરાર નથી.

(૧૦) વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આ કામના આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તેવી શંકા ઉદ્દભવે છે. પરંતુ કાયદાનો એ સ્થાપિત સિંધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઇ શકે નહિ. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિંધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઇ નિર્દોષ માર્યો જવો જોઇએ નહિ.

એવો જ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબના ચુકાદામાં ઠરાવેલ છે.

**In Kailash Gour Vs. State of Assam**
**AIR 2012 SC 786**

**28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed along distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of Narendra Singh and Anr. v.State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."**

વધુમાં ક્રિમીનલ જયુરીશ્પ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા હોય ત્યાં તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "નકાર"માં આપી મુદાનં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

K.R.Gagnani
Judicial Magistrate F.C.(Municipal) Rajkot

**– આ ખ રી હુ ક મ –**

(૧) આ કામના આરોપી મનીષ ઉર્ફે મુન્નો બટુકભાઇ પરમારને ધી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહિતા ની કલમ–૪૨૦,૪૬૫,૪૬૭,૪૭૧,૫૦૬(૨),૧૧૪ મુજબ ના ગુનામા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ અપીલ સમય પીરીયડ સુધીના રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂ. દશ હજાર પુરા) ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો અગાઉ કોઇ જામીન આપેલા હોય તો તે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામે કબજે કરેલ મુદમાલ કિંમતી હોય તો માલીકીની ખરાઇ કરી પરત કરવો તેમજ બીનકિંમતી મુદામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા. ૮–૮–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૮–૮–૨૦૨૬ (કમલેશકુમાર રમેશભાઇ ગાગનાણી)
રાજકોટ જયુડીશીટલ મેજીસ્ટ્રેટ ફ. ક. (મ્યુનિ.) રાજકોટ
કોડ નં.જીજે.૦૧૬૮૭

K.R.Gagnani
Judicial Magistrate F.C.(Municipal) Rajkot